GSECL

GMDC
FUELING THE GROWTH



# અરુણોદય

ઓક્ટોબર-૨૦૨૩

અંક - ૫૩


સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


## અનુક્રમણિકા


- वृक्ष हों भले खडे
- ગુજરાત મોરી મોરી રે...
- પડઘાનું રહસ્ય
- शिक्षा के भविष्य को आकार देने में एआई की भूमिका
- શ્રાદ્ધ અમાંગલિક નથી...
- શિક્ષકની દૈનિક નોંધપોથી
- શ્રદ્ધાથી કરીએ તેને જ શ્રાદ્ધ કહેવાય
- સુખની વ્યાખ્યા દરેક માટે અલગ
- શાળાની પ્રવૃત્તિઓ




ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન “અરૂણોદય” ઓકટોબર- ૨૦૨૩ ,અંક-૫૩ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# वृक्ष हों भले खडे



ધ્રુવી જે.જોષી
ધોરણ- ૯



वृक्ष हों भले खडे
वृक्ष हों भले खड़े, हों बड़े, हों घने,
एक पत्र छाँह भी
मांग मत! मांग मत! मांग मत!
अग्निपथ! अग्निपथ! अग्निपथ!
तू न थकेगा कभी,
तू न थमेगा कभी,
तू न मुड़ेगा कभी,
कर शपथ! कर शपथ! कर शपथ!
अग्निपथ! अग्निपथ! अग्निपथ !
यह महान दृश्य है,
देख रहा मनुष्य है,
अश्रु, स्वेद, रक्त से
लथ-पथ, लथ-पथ, लथपथ,
अग्निपथ! अग्निपथ! अग्निपथ !



\- हरिवंशराय बच्चन



# ગુજરાત મોરી મોરી રે...



**Dr. Parth Patel**
**Assistant Manager**
**Public Relations ,GMDC**

સંતો, વીરો, સપૂતોની આ ધરાના સામર્થ્યને પોંખવા ઈન્દુલાલ યાજ્ઞિકે ૧૯૫૬માં મહાગુજરાત ચળવળ શરૂ કરી અને રચાયું સ્વતંત્ર રાજ્ય ગુજરાત. ૧લી મે ૧૯૬૦ થી રવિશંકર મહારાજે પ્રગટાવેલો આ દીપક વિશ્વના ખૂણેખૂણાને ઝળહળ કરી રહ્યો છે. ગુર્જર મહાજાતિની ભવ્યતા તેની આગવી ઓળખ છે. ગુજરાત ગૌરવ, સ્વાભિમાન, અસ્મિતા જેવા શબ્દોમાં 'પ્રાંતવાદ'નહીં, પણ 'આપણું ગુજરાત – આગવું ગુજરાત'ની સંસ્કૃતિ માટેનો આદર પ્રગટ થાય છે.

'મા', 'માતૃભાષા' અને 'માતૃભૂમિ'નું ગૌરવ સદાય જેમના અંતરમાં છે એવા ગરવા ગુજરાતીઓની આ ગરવી ગુજરાત છે.એટલે જ તો દુનિયાના કોઈ પણ ખૂણે વસતો ગુજરાતી એનું 'ગુજરાતીપણું' અકબંધ જાળવી રાખે છે. 'જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'

ગાંધીની 'ગાથા', સરદારનું સામર્થ્ય, નર્મદની ખુમારી, નરસૈયાની ભક્તિ, વેપારની કોઠાસૂઝ, શુરવીરોની સાહસિકતાનો સોનેરી ઈતિહાસ ગુજરાતની મહામૂલી વિરાસત છે.

ગુજરાત એ કંઈ માત્ર એક પ્રદેશનું નામ નથી, એ તો નામ છે એક ડાહી ડમરી તથા રંગીન અને ધબકતી જીવનશૈલીનું. તમે સૌ ભલે હજારો કિલોમીટર દૂર એક અલગ વાતાવરણમાં વસ્યા હો પણ પીઝાની સામે ઢોકળા પસંદ કરો તો તમે પાક્કા ગુજરાતી છે. રોક ડાન્સના બદલે ગરબાના તાલે તમારા પગ થરકવા માંડે તો તમે ગુજરાતી છો. ગુજરાત એ ભૂમિ છે જ્યાં ગામે ગામ રામ મંદિર છે. આ રામમંદિરમાં ભૂખ્યાને રોટલો અને સૂવા માટે ઓટલો આજે પણ મળી જાય છે.

દેશના વિકાસ નકશામાં ગુજરાતે એક નવી જ વિકાસરેખાને અંકિત કરી છે. ગુજરાતના વિકાસ મોડેલને આજે દેશભરમાં જ નહીં વિશ્વસ્તરે પણ ચર્ચા થઇ રહી છે.

કોઈ વિદેશ જઇ આવે તો ત્યાં સ્વચ્છતા અને સુંદરતા જોઇ અફસોસ કરે છે કે આપણો દેશ આવો કેમ નથી. કોઈ વિદેશી આપણે ત્યાં આવે તો આપણાં સાંસ્કૃતિક મૂલ્યો અને આપણાં ભાવનાશીલ સ્વભાવથી તો આકર્ષાય છે, પણ આપણી ગંદકીથી એ ત્રાસી જાય છે. ગંદકી આપણી રાષ્ટ્રીય કુટેવ બની ચુકી છે ત્યારે લોકોથી, લોકો માટે, લોકો દ્વારા ચાલતું સ્વચ્છતા અભિયાનથી પ્રચંડ જનચેતનાનો સ્પર્શ ગુજરાતના દરેક નાગરિકને થશે તો આપણા નગરો અને ગામડાંઓ ચોક્કસ સ્વચ્છ, સુઘડ અને સુંદર બની રહેશે. સ્વચ્છતાનું અભિયાન માત્ર અભિયાન નહીં પણ આપણી ટેવ બની રહો.

રાજ્યનો સર્વાંગી વિકાસ ૪ પાયા ઉપર નિર્ધારિત છે. ઉદ્યોગ, સેવા, કૃષિ અને શિક્ષણ. શિક્ષણ અને સંસ્કાર વિના સમાજ વિકસિત ન થઇ શકે. માનવી પોતાની આયુષ્યનો મોટામાં મોટોભાગ, મહત્તમ હિસ્સો શિક્ષણ પાછળ વાપરે છે. શિક્ષણ અર્થાત્ માનવીય ગુણો ખીલવવાની કળા. જીવનની અંદર ભૂલો થતી હોય છે પણ એ ભૂલોને

સુધારી આગળ વધવું એ જ સાચું શિક્ષણ છે. હાથમાં શસ્ત્ર નહી પણ શાસ્ત્ર પકડવાની જરૂર છે.ઋષિ મુનિઓના સમયથી આપણે જ્ઞાનનો મહિમા વર્ણવ્યો છે. જ્ઞાનનો દિપ અંધકારમાંથી આપણને પ્રકાશ તરફ લઈ જતો હોય છે. વિશ્વમાં જ્ઞાનના મહિમાનો જ્યારે જ્યારે સ્વીકાર થયો છે ત્યારે ભારત જગદગુરુ પદે પહોંચ્યું છે.૨૧મી સદી જ્ઞાનની સદી છે, ત્યારે ભારત જ્ઞાન શક્તિ દ્વારા વિશ્વગુરુ પદે બિરાજમાન થાય તે જ સમયની માંગ છે

ગાંધીબાપુ માનતા કે કોઇ એક વર્ગ, જાતિ, સમાજને પાછળ રાખીને તમે સમગ્ર રાષ્ટ્રનો વિકાસ કરી શકો નહીં. વંચિતોના વિકાસ માટે, શિક્ષણ, આરોગ્ય, આવાસ, રોજગારી, વીજળી, સિંચાઇ વગેરે સગવડો આપીને મહાત્મા ગાંધીના સપનાનું વિકાસ મોડેલ ચરિતાર્થ કરવું છે.

આવો, આપણે સૌ સાથે મળી સંવાદ, સૌહાર્દના લોકશાહી મૂલ્યોના આદર થકી ગાંધીના છેવાડાના માનવીના સર્વાંગી કલ્યાણમાં સમર્પિત થઈએ.

જય જય ગરવી ગુજરાત...





# પડઘાનું રહસ્ય

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

ઘણી વાતો નાની હોય પરંતુ બહુ મોટી શીખ આપી જતી હોય છે. કોઈપણ વાતને તુચ્છ સમજી તેનો અસ્વીકાર કરવો ઊચિત નથી. ઘણી વખત નાની નાની વાતો દ્વારા જ માનવનું શ્રેષ્ઠ ઘડતર થતું હોય છે. દરેક વ્યક્તિ આ પૃથ્વીના રંગમંચ પર આવી પોતાનો રોલ ભજવે છે. વાંચો આ વાત નાની પણ મજાની.

એક વખત એક યુવક જંગલમાંથી પસાર થતો હતો. સુમસામ જંગલમાં તેણે મોટેથી ચીસ પાડી તેને પડઘો સંભળાયો. તેને થયું જંગલમાં બીજો પણ કોઈ યુવક છે જે તેની જેમજ ચીસ પાડી રહયો છે. અચાનક યુવાન બોલ્યો , "કોણ છે તું ?" સામે પણ અવાજ આવ્યો "કોણ છે તું ?". યુવાન ફરી બોલ્યો "જબરો છે તું?" મારી નકલ કરે છે. સામેથી પણ તેવો જ જવાબ મળ્યો . આ સાંભળી ને પેલો યુવાન દોડીને ઘરે પહોચ્યો. તેની માને સઘળી વાત કહી . મા તમામ પરિસ્થિતિ સમજી ગઈ. મા એ હકારાત્મક દૃષ્ટિ ધ્યાનમાં રાખી યુવાનને કહયું , હવે તું સારી સારી વાત કર જે તો તે પણ તારી સાથે સારી સારી વાત કરશે.

ફરીથી યુવક જંગલમાં ગયો અને કહેવા લાગ્યો કે "તું બહુ સારો છે" , સામેથી પણ 'તેવો જ અવાજ આવ્યો'. યુવકે કહ્યું " હું તને મિત્ર બનાવવા માંગુ છું. સામેથી પણ એજ અવાજ આવ્યો યુવક ખુશ થઈ ગયો અને માને ભેટી પડયો ત્યારે મા બોલી બેટા એ તારા અવાજનો પડઘો હતો.

કહેવાનું તાત્પર્ય એ કે માનવીનું જીવન જંગલમાં પડતા પડઘા જેવું છે. જો તમે ઈચ્છો કે સૌ તમને પ્રેમ કરે તો તમારે પણ સૌને પ્રેમ કરવો પડશે. જો તમે સૌની સાથે મળતાવડા બનશો તો સૌ તમને સહકાર આપશે. તાળી એક હાથે ન પડે , બંને પક્ષે સહકાર જરૂરી છે.







# शिक्षा के भविष्य को आकार देने में एआई की भूमिका




**Kuldeepsinh Mahawar**
**Assistant Manager Mines**
**Lignite Project Rajpardi**


अर्टिफिशियल इंटेलिजेंस का एजुकेशन के क्षेत्र में विद्यार्थियों को व्यक्क्तिगत रूप से पढ़ाई करने में काफी महत्वपूर्ण योगदान रहा हैं | परम्परागत क्लास रूम में सीमित समय होने के कारण सभी छात्रों की आवश्यकताओं जैसे की उनके अनेकों सवालों के जवाब देना काफी मुश्किल भरा होता हैं | आर्टिफिसियल इंटेलिजेंस में ये सक्षमता होती है की वो स्टूडेंट्स के विभिन्न सवालों के जवाब मशीन लर्निंग से दे सके तथा छात्रों की कमजोरियां, सीखने की गति का विश्लेषण कर सकती हैं | AI शैक्षिक सामग्री को अनुकूलित कर सकता है और व्यक्तिगत रूप से सीखने वाले विद्यार्थियों को उनके लिए आवश्यक संसाधनों की सिफारिश कर सकता हैं | ये तरह से न केवल विद्यार्थियों में नया सीखने के प्रति रुझान बढ़ता हैं बल्कि परिणामो में भी सुधार करता हैं |

शिक्षक और स्कूल संस्थान प्रशासनिक कार्यों जैसे की असाइनमेंट की ग्रेडिंग , कक्षाओं का समय निर्धारण और संसाधनों के प्रबंधन पर काफी समय खर्च हो जाता हैं| AI संचालित सिस्टम इन सब कार्यों को स्वयं कर सकता हैं जिससे शिक्षकों को छात्रों को पढ़ाने और सलाह देने पर अधिक ध्यान देने का समय मिल पाता हैं | उदहारण के लिए AI संचालित सिस्टम ग्रेडिंग सिस्टम असाइनमेंट का काफी तेजी से मूल्यांकन और फीडबैक दे सकता हैं जिससे शिक्षकों का बहुमूल्य समय बचता हैं |

आज के समय में AI शिक्षा की सभी बाधाओं को तोड़ रहा हैं | AI की मशीन लर्निंग तकनीक की चलते आज छात्र अपनी पसंद की भाषाओं में ज्ञान अर्जित कर सकते है | AI एक विशाल डाटासेट का तीव्र विश्लेषण कर सकता हैं , उदाहरण के लिए ई-लर्निंग प्लेटफॉर्म में, एआई छात्र के प्रदर्शन और प्रगति के आधार पर अतिरिक्त अध्ययन सामग्री, क्विज़ या अभ्यास करवा सकता है। यह सुनिश्चित करता है कि विद्यार्थियों को सही समय पर सही सामग्री प्राप्त हो,जिससे उनका सीखने का अनुभव और बेहतर हो सके। एआई उन छात्रों की पहचान करने में महत्वपूर्ण भूमिका निभा सकता है जो शैक्षणिक रूप से पीछे चल रहे हैं। उनके व्यवहार और प्रदर्शन डेटा का विश्लेषण करके, एआई सिस्टम शिक्षकों और को हस्तक्षेप करने और समय पर सहायता प्रदान करने के लिए सचेत कर सकता है,



हालांकि शिक्षा में एआई की संभावना काफी आशाजनक है, लेकिन यह कई महत्वपूर्ण मुद्दों पर चिंताजनक भी है। क्योंकि एआई सिस्टम बड़ी मात्रा में जानकारी एकत्र और विश्लेषण करता और ऐआई का एल्गोरिदम निष्पक्ष और निष्पक्ष हैं या नहीं ये यह सुनिश्चित करना काफी चुनौतीपूर्ण है, क्योंकि यदि हम एआई से prompt में ठीक से सवाल नहीं पूछते है तो ऐआई अनजाने में मौजूदा शैक्षिक असमानताओं को मजबूत कर सकता है। इसके अतिरिक्त, कक्षा में एआई का प्रभावी ढंग से उपयोग करने के लिए पर्याप्त शिक्षक प्रशिक्षण की भी काफी आवश्यकता है।



# શ્રાધ્ધ અમાંગલિક નથી...



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ઘણી વખત માનવ જડ માન્યતાઓને પકડી રાખીને પોતાની અજ્ઞાનતા છતી કરે છે. સત્ય સમજયા વગર જ પોતાનો કક્કો ખરો કરવા વાળા ઓનો તાટો નથી.


ભાદરવા માસમાં આવતા શ્રાધ્ધના દિવસને ઘણાં લોકો અમાંગલિક ઠરાવે છે અને ખોટી માન્યતાઓમાં રાચતા હોય છે. પિતૃઓ અને ઋષિમુનિઓ ને અર્પણ , તર્પણ અને સમર્પણ કરવાના દિવસો એટલે શ્રાધ્ધના દિવસો . સોળ દિવસ સુધી પિતૃઓના ઋણને કરવાનો અ શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે.

જે પિતૃઓ અને ઋષિઓએ આપણાં કલ્યાણ માટે પોતાનું જીવન ખર્ચ્યુ હોય તેવા લોકોને યાદ કરવાના દિવસો અમાંગલિક કેમ હોઇ શકે ? આપણે સારા બનીએ , આપણું જીવન ઉન્નત બને તે માટેના પ્રયત્નો આપણા પિતૃઓએ કરેલા હોય ત્યારે તે દિવસો માં તેમના પ્રત્યેનું આપણું સમર્પણ ન હોય તો આપણે નઠારા ગણાઇએ. તેમના ચીધેલા રસ્તે ચાલીએ ત્યારે તેમના પ્રત્યેનું ઋણ અદા કરી શકીએ. ફક્ત કહેવાથી , બોલવાથી પિતૃઓ અને ઋષિઓ પ્રત્યે સમર્પણ થતું નથી પરંતુ આચરણમાં મૂકવું પડે.


એવી માન્યતા છે કે શ્રાધ્ધના દિવસોમાં પિતૃલોકમાં રહેતા પિતૃઓ પૃથ્વીની નજીક હોય છે એટલે એમની શ્રાધ્ધ તિથિએ ભોગ ધરાવવામાં આવે છે. અર્થાત વાસ નાખવામાં આવે છે. પિતૃઓમાં પૃથ્વી તત્વ અને જળ તત્વ ન હોવાના કારણે એ માત્ર થાળની સુવાસ લે છે અને તૃપ્ત થઇને આશીર્વાદ આપે છે.

દેહત્યાગ બાદ દિવંગતોની યાદમાં સેવા, પૂજા, દાન, ભોજન એટલે મોક્ષદાયી શ્રાધ્ધ. ધર્મગ્રંથો કહેછે કે પિતૃઓની કૃપાથી જ આપણું અસ્તિત્વ છે. આ શ્રાધ્ધ એટલે પિતૃઓના આશીર્વાદ મેળવવાનો શ્રેષ્ઠ અવસર. તો વળી સાથો સાથ ઋષિ તર્પણના દિવસો એટલે પણ આ શ્રાધ્ધ નું ખૂબ મહત્વ છે.

જેમણે આપણને જન્મ આપ્યો , જેમની કૃપાથી નાના માંથી મોટા થયા, પોતાનો સ્વાર્થ ત્યાગી ને હંમેશા આપણું ભલું કર્યુ તેવા પિતૃઓને યાદ કરી તેમણે આપેલાં ધ્યેય તરફ હું કેટલો આગળ વધ્યો તે દરેક સંતાનોએ વિચાર કરવાના દિવસો એટલે શ્રાધ્ધના દિવસો. શ્રધ્ધાથી કરાતું શ્રાધ્ધ કદી એળે જતું નથી . અત્યારનો યુગ ભલે યંત્ર યુગ હોય પરંતુ મંત્રની એટલી જ તાકાત છે કે તે આપણો અવાજ જરૂર પિતૃઓ સુધી પહોચાડે છે. પિતૃઓના ઋણને અને ઋષિઓના ઉપકારોને સમજવાની શકિત માનવને પ્રાપ્ત થાય તેવી ઈશ્વર પાસે ખરા હૃદયથી માંગણી કરીએ.




# શિક્ષકની દૈનિક નોંધપોથી



ડી.આર. દરજી
પ્રાથમિક શિક્ષક,ATPS

શિક્ષકોનો અગત્યનો દસ્તાવેજ છે. દૈનિક નોંધપોથીનું પણ મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ ૧૩૯(૧૫)માં **'Master's log book'** નો ઉલ્લેખ કરી, દૈનિકનોંધ પોથીનું મહત્ત્વ સ્પષ્ટ થયું છે.

શિક્ષકના અધ્યાપન કાર્યની બ્લુપ્રિન્ટ એટલે નોંધપોથી. વર્ગશિક્ષણ દરમિયાન શું ભણાવવું? કઈ કરીતે ભણાવીશું? કયાં સાધનોની મદદ લઈશું? કઈ રીતે વિદ્યાર્થીઓની ભાગીદારી કરાવી? આ બધાના કારણે શું ફળશ્રુતિ મેળવીશું ? એ બધી બાબતોનો સમાવેશ નોંધપોથીમાં હોય છે. દૈનિકનોંધ પોથી સબંધિત વિષય-વિષયાંગના મુદ્દાઓને પ્રસ્તુત કરવાની પૂર્વ તૈયારીનો એક અનિવાર્ય ભાગ છે.

વર્ગખંડમાં જે શૈક્ષણિક કાર્ય થાય છે, તેની સંક્ષિપ્ત (છતાં પધ્ધતિસર) નોંધ લખવાની છે. જે શાળામાં દસ કે દસથી ઓછા શિક્ષક હોય ત્યાં મુખ્ય શિક્ષકે પણ પોતાના ભાગે આવતા વર્ગકાર્યની નોંધ કરશે,

દરેક શિક્ષક આગળના દિવસે વિષયવાર નોંધ લખશે કે : "આજે હું આ ધોરણના, આ વિષયનું, આ રીતે વર્ગકાર્ય કરીશ." આકસ્મિક કારણોસર જે કાર્ય ન થઈ શક્યું હોય તેની નોંધ વિશેષના ખાનામાં કરવી અન્યથા, "આયોજન પ્રમાણે કાર્ય થયું" ની નોંધ કરવી.

શાળાનું શૈક્ષણિક કાર્ય શરૂ થાય તે પહેલાં દૈનિક નોંધ, મુખ્ય શિક્ષક સમક્ષ રજૂ કરવી, જેથી તેના આધારે મુખ્ય શિક્ષક વર્ગ નિરીક્ષણ કરશે અને પોતાની લોગબુકમાં તેની નોંધ કરી કશે.

શિક્ષકે કરેલા કાર્યની ટૂંકી સમીક્ષા તેની નોંધપોથીમાં લખવી. જેથી શિક્ષકને સારા કામનું પ્રોત્સાહન મળશે અથવા સારું કરવા માર્ગદર્શન મળશે માત્ર કરવા ખાતર સહી કરવાથી, શિક્ષક પક્ષ અસરકારકતા ઘટતી જવાની સંભાવના છે. ઘરમાં સારી કઢી બની હોય તો તેનાં વખાણ કરવાં એ ગુજરાતી પરંપરા, અહીં પણ અમલમાં મૂકવા જેવી છે.

નોંધપોથીમાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત, અન્ય કામગીરીની નોંધ પણ કરવી. તેમજ લાંબી રજા, કેજ્યુઅલ રજા, વેકેશન, જાહેર રજા, અન્ય રોકણ વગેરેની નોંધ લખવી જેથી વર્ષ દરમિયાન કામના કુલ દિવસ અને નોંધપોથીમાં નોંધાયેલ વિગતોનો તાલમેલ સધાય. વર્ષના અંતે જેટલા પાનાં વધ્યાં, તે ચર્ચાનો ચિતાનો-તપાસનો મુદ્દો બને છે.

શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા બાદ જે તે શિક્ષક પોતાની નોંધપોથી, મુખ્ય શિક્ષકને સુપ્રતકરશે. મુખ્ય શિક્ષક તેને પોતાની કસ્ટડીમાં રાખશે.








# શ્રધ્ધાથી કરીએ તેને જ શ્રાધ્ધ કહેવાય



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

ભાદરવો મહિનો એટલે પિતૃ મહીનો, સનાતન ધર્મમાં શ્રાધ્ધનું મહત્વ અનેરૂ છે. આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે પિતૃઓ માટે જે કંઈ કાર્ય આપણે શ્રધ્ધાથી કરીએ તેને જ શ્રાધ્ધ કહેવાય. મનુષ્ય માત્ર ઉપર મુખ્ય ત્રણ પ્રકારના ઋણ હોય છે. દેવ ઋણ, ગુરૂ ઋણ અને પિતૃ ઋણ. શ્રાધ્ધનો ભાવ એ છે કે પિતૃઓને આપણે સાચું શ્રધ્ધા સુમન સમર્પિત કરીએ. આ શ્રાધ્ધની પરંપરા સૃષ્ટિના આરંભમાં બ્રહ્માજીએ શરૂ કરી હતી. યુધિષ્ઠિરે ભીષ્મ પિતામહને પ્રશ્ન પૂછ્યો કે હે પિતામહ શ્રાધ્ધની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? ત્યારે ભીષ્મ પિતામહે જવાબ આપ્યો કે પિતૃઓનું સાચું શ્રધ્ધા સુમન સમર્પિત કરવા માટે સૃષ્ટિના સર્જક બ્રહ્માજીએ જ શ્રાધ્ધની ઉત્પત્તિ કરી હતી. શ્રાધ્ધની વિધિ પણ સૃષ્ટિ લોકમાં બ્રહ્માજી એ જ પ્રચલિત કરી છે. તેમણે જ ઘોષણા કરી કે પિતૃઓને પિંડદાન શ્રાધ્ધ દ્વારા આપી શકાશે. ત્યારબાદ મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાધ્ધ નિમિ રાજાએ કર્યું છે, અને ત્યારથી આ શ્રાધ્ધની પરંપરા પૃથ્વી લોક ઉપર સતત ચાલી આવી છે. શ્રાધ્ધ દેવલોકમાં પણ થાય છે અને મૃત્યુલોકમાં પણ થાય છે. ભાદરવો માસ આખો શ્રાધ્ધનો ગણાય છે, તેમાંથી શુક્લ પક્ષ દેવનો અને કૃષ્ણ પક્ષ પિતૃઓનો ગણાય છે. એમાંય અમુક તિથિ પ્રમાણે શ્રાધ્ધ કરવાનું વિશિષ્ઠ ફળ હોય છે. શ્રાધ્ધ પક્ષમાં કાગવાસ નાખવામાં આવે છે. તેનું પણ ખાસ મહત્વ છે. ભાદરવા મહિનામાં કાગડાની પત્ની કાગડી સગર્ભા બનતી હોય છે, જેથી કાગડીને પૂરતું અન્ન મળી રહે અને તે તૃપ્ત થાય તે માટે ઋષિમુનિઓએ કરેલી આ એક સુવ્યવસ્થા છે, કે પિતૃઓના માધ્યમથી પણ પક્ષીઓ તૃપ્ત થાય. વળી શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર એવી માન્યતા છે કે કાગડાની ચરકમાંથી વટવૃક્ષ અને પીપળાના વૃક્ષનું સર્જન થયું છે. તેમાં પણ ખાસ કરીને પીપળાનું વૃક્ષ, બધા વૃક્ષોમાં સૌથી વધારે ઓક્સિજન આપવાવાળું વૃક્ષ છે. આમ પૃથ્વી પર ઓક્સિજન પણ જળવાઈ રહે અને પક્ષીઓ પણ તૃપ્ત થાય તેથી કાગવાસ નાખવામાં આવે છે. શ્રાધ્ધમાં દૂધપાક કે ખીર ખાવાનું મહત્વ છે. ભાદરવા મહિનામાં કૃષ્ણ પક્ષથી આરંભી શરદ પૂર્ણિમા સુધી આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે દૂધનું સેવન કરવાથી એસીડીટી જેવા રોગનો નાશ થાય છે.

વિષ્ણુ પુરાણ અનુસાર દૂધપાકનુ ભોજન પિતૃઓને તૃપ્ત કરવાવાળુ છે. પિતૃઓની કૃપા જ્યારે પરિવાર પર થાય છે ત્યારે ધન, ધાન્ય અને સંતતિની પ્રાપ્તિ થાય છે. ખરેખર કર્મ સાથે જ ધર્મ વણાયેલો છે. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કર્મની જ વાત કરી છે. સારા કર્મો થકી સૃષ્ટિ સુવ્યવસ્થિત ચાલે તેવી પરંપરા અને તહેવારો ગોઠવીને આપણા પૂર્વજો અને ઋષિમુનિઓ દ્વારા આપણને સત્કર્મ કરવાની પ્રેરણા મળી છે. આપણી સનાતન પરંપરા મુજબ ત્રણ વર્ષે કૈલાસવાસી આત્મા શ્રાધ્ધનો અધિકારી બને છે.





# સુખની વ્યાખ્યા દરેક માટે અલગ



શ્વેતા દિનેશ દરજી

સુખી કેમ થવાય ?ખુશ રહેવાનો કોઈ સાચો અને સહેલો રસ્તો ખરો ? માણસ આખો દિવસ જે કાઈ કરે છે એની પાછળનો અંતિમ ઉદેશ સુખી થવાનો જ હોય છે, પણ જિંદગીની જંજાળ એવી છે કે સુખ મળતું જ નથી.

સો વર્ષ પહેલાં જાપાન માં આઈનસ્ટોને એક વેઈટરને લખીને એક મેસેજ આપ્યો હતો. એ આજની તારીખે પણ એટલો જ સાચો છે. એ કાગળ માં આઈનસ્ટાઈને સુખની ચાવી અને ખુશીનું કારણ છે.એ મેસેજ નો સીધોસાદો મતલબ એવો થાય છે કે "સફળતા અને સંપતિ સુખ આપતાં નથી.શાંત અને નમ્ર જીવન જ માણસને ખુશી આપી શકે."

બધા જ લોકો સફળતાની એક એવી રેશમાં હોય છે ,જેને કોઈ અંત જ નથી.બધાને સફળ થવું છે,ધનવાન થવું છે.એમાં ને એમાં જ જિંદગી હોમાઈ રહે છે.જિંદગીમા હવે નથી રહી શાંતી કે નથી રહી માણસમાં નમ્રતા.

પોતાની જિંદગી માટે દરેક માણસનું એક સપનું હોય છે અને એ સપના માટે મહેનત પણ કરાવી પડે છે.જીવનમાં મંજિલ મેળવીને પણ સુકા અને શાંતી મળી જાય એવી કોઈ ગેરંટી નથી.એ વાતથી ઈન્કાર ન થઈ શકે.અત્યારે હરીફાઈનો જમાનો છે.કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.ટકાવા માટે સંઘર્ષ કરવો પડે છે.ગોલ પુરા કરવાનું એટલું બધું પ્રેશર છે કે રાતે ઊંઘ પણ નથી આવતી. હા,આવું રહેવાનું જ છે.આપણે દુનિયાને બદલી શકતા નથી.પણ હા,માણસ ધારે તો એમાં સતુલન જાળવી શકે.કારકિર્દી, સફળતા અને આવક જરૂરી છે જ.વિચારવાનું માત્ર એટલું જ છે કે એ ક્યાં ભોગે ?

જિંદગીમાં કેટલાયે ભાર નીચે આપણે બધા જ દબાયેલા છીએ. એમાં સૌથી વધુ ખતરો સંબંધો ઉપર પેદા થાય છે મોટાભાગના લોકો 'રિલેશનશિપ ક્રાઈસીસ ' નો સામનો કરી રહ્યા છે. દરેકને પોતાના જ લોકો સામે ફરિયાદ છે,નારાજગી છે. એના કારણે કામ, કારકિર્દી કે સફળતામાં પણ પૂરતો ધ્યાન આપી શકાતું નથી. જો સંતુલન નહીં રાખો તો નહીં મળે સફળતા કે નહીં મળે સુખ.

સુખની સાચી ચાવી કોઈ શોધી શક્યું નથી. એનું કારણ એ છે કે બધા પાસે તાળા જ અલગ અલગ છે. દરેક માટે સુખની પોતાની વ્યાખ્યા હોય છે. સુખ બહાર શોધે ક્યારેય કોઈને મળ્યું નથી. સુખ અને શાંતિ આંતરિક મનોસ્થિતિ છે.

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા














વિતાંક્ષા વી. રાઠોડ
ધોરણ-૩





લવ એ. સમૈયા
ધોરણ- ૯





હિરલ ડી. રાઠોડ
ધોરણ- ૯







નિષ્ઠા કે. તન્ના
ધોરણ- ૯






નિત્ય કે. તન્ના
ધોરણ- ૯

## અંડર-૧૪ વોલીબોલ સ્પર્ધામાં આપણી શાળા જીલ્લામાં બીજા સ્થાને















# શિક્ષકદિનની ઉજવણી

## રાખડી સ્પર્ધા



## બી.એસ.એફ.ના જવાનો સાથે રક્ષાબંધનની ઉજવણી





તાલુકા કક્ષાના વિજ્ઞાન મેળામાં જુદા જુદા વિભાગમાં બીજો તથા ત્રીજો નંબર

# સફાઈ અભિયાન

